RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 250, Dt.11-12-2023 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કલમ ૩૭૦ હટાવવાના નિર્ણયને સુપ્રીમની લીલી ઝંડી



## અયોધ્યા રામમંદિર બાદ સુપ્રીમનો વધુ એક ઐતિહાસિક ચુકાદોઃ તમામ પાંચ જજોની બંધારણીય ખંડપીઠે સર્વાનુમતે આપ્યો ચુકાદોઃ કેન્દ્રના દરેક નિર્ણયને પડકારી શકાય નહીંઃ ભારતમાં ભળતા જ જમ્મુ-કાશ્મીર દેશનું અવિભાજય અંગઃ સુપ્રીમનું મહત્વનું અર્થઘટન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટેનો મહત્વનો ચુકાદો આપ્યા બાદ સુપ્રીમકોર્ટે આજે જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડતી કલમ ૩૭૦ દુર કરવાનો રાષ્ટ્રપતિને અધિકાર હોવાનું જણાવીને તેને પડકારતી ૧૮ જેટલી રીટ અરજીઓ ફગાવી હતી. સર્વોચ્ચ અદાલતે આ મુદાઓ પર ત્રણ મહત્વપૂર્ણ મુદાઓ આપ્યા છે.

જેમાં સૌપ્રથમ જણાવ્યું હતુ કે બંધારણ સભાની સમાપ્તી બાદ તમામ અધિકાર રાષ્ટ્રપતિ પાસે આવી જાય છે અને તા.૫ ઓગષ્ટ ૨૦૧૯ના જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ રદ કરવાના રાષ્ટ્રપતિનું જાહેરનામુ યોગ્ય છે અને તેને પડકારી શકાય નહી. સર્વોચ્ચ અદાલતે આ સાથે એ પણ જણાવ્યું હતું કે ભારત સાથે જોડાણની સાથે જ જમ્મુ-કાશ્મીરનું સાર્વભૌમત્વનો અંત આવી ગયો હતો.

આ ઉપરાંત ત્રીજા મહત્વપૂર્ણ ચૂકાદામાં સુપ્રીમકોર્ટે એ પણ જણાવ્યું હતું કે કલમ ૩૭૦ની નાબુદી સાથે જ જમ્મુ-કાશ્મીરમાં દેશની તમામ બંધારણીય જોગવાઈઓ પણ અમલી બની જાય છે. આજે આ ચૂકાદા પુર્વે જમ્મુ-કાશ્મીરમાં રેડએલર્ટ જાહેર કરીને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવાઈ હતી તથા પીડીપીના નેતાઓ સહિત રાજયના અનેક નેતાઓને પણ નજરકેદ કર્યા હતા તથા રાજયમાં ઈન્ટરનેટ સહિતની સેવાઓ પણ ગમે તે ઘડીએ બંધ કરાઈ તે માટે ટેલીકોમ વિભાગને સ્ટેન્ડ ટુ રાખવામાં આવ્યો હતો તેમજ સોશ્યલ મીડીયામાં ભડકાઉ પોષ્ટ કરનાર પાંચ લોકોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા હતા.કેન્દ્રની મોદી સરકારે તેની બીજી ટર્મમાં આ હિંમતભર્યા નિર્ણયથી જમ્મુ-કાશ્મીરને કલમ ૩૭૦ હેઠળ જે ખાસ અધિકારો પ્રાપ્ત થયા હતા તેનો અંત આ કલમની નાબુદી સાથે જ લાવ્યો હતો. સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના વડપણ હેઠળની ખંડપીઠે બે અલગ રીતે ચુકાદા આપ્યા હતા. જેમાં કલમ ૩૭૦ની નાબુદીના નિર્ણયને તમામ જજોએ યોગ્ય ગણાવ્યો હતો.

કહ્યું હતું કે આ કલમ અસ્થાયી છે તે ચોકકસ સમયગાળા માટે લાવવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે એ પણ જણાવ્યું કે કેન્દ્ર સરકારના દરેક નિર્ણયને કોર્ટમાં પડકારી શકાય નહી.

# હાયરે બેકારી...રાજ્યમાં ૨૫૦૦ ટેકનિકલ જગ્યા માટે અધધધ ૧.૫ લાખ ઉમેદવારોએ કરી અરજી

## બેકારી કે સરકારી નોકરી મેળવવાની માનસિકતાઃ ઓછા બેકારો ગુજરાતમાં હોવાના દાવા ખોખલા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

દેશમાં સૌથી ઓછા બેકારો ગુજરાતમાં હોવાના દાવા વચ્ચે માત્ર ૨૫૦૦ ટેક્નીકલ જગ્યાઓ માટે એક લાખથી વધુ અરજીઓ થયાના અહેવાલ છે. ગુજરાત સબઓર્ડીંકેટ સર્વીસ સિલેકશન બોર્ડ દ્વારા વિવિધ વિભાગોમાં ૨૫૦૦ પદ પર ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. તેમાં ૧,૦૫, ૮૭૦ અરજીઓ આવી હતી.



ભરતી બોર્ડ દ્વારા મહેસુલ, આયોજન, ઉદ્યોગ અને ખાણ ખનીજ તથા સરકારી પ્રેસ જેવા વિભાગો માટેની ટેક્નીકલ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. સ્ટરીલાઈઝર ટેકનીશ્યન, ગ્રાફીક ડીઝાઈનર, મશીન ઓવરસીયર, સર્વેયર, જુનીયર પ્રોસેસ આસીસ્ટંટ જેવી જગ્યાઓ માટે ભરતી હાથ ધરવામાં આવી છે.ઓજસ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી ભરતી બોર્ડનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે સરકારી નોકરી પ્રત્યેનો લગાવ તથા ગુજરાતનાં જ વહીવટી તંત્રમાં સ્થાન પામવાની માનસીકતાથી અરજીઓની સંખ્યા મોટી છે.

આ ભરતી પ્રક્રિયામાં લેખીત પરીક્ષા અને જરૂર પડયે વધુ રાઉન્ડ બાદ ઈન્ટરવ્યુ યોજાશે.વર્ગ-૩ ની આ જગ્યા માટે અરજદારોનો રાફડો ફાટયો હોવાથી સરકારી નોકરી મેળવવાનો ટ્રેંડ વધ્યો છે. સર્વેયર માટેની જગ્યા માટે જ ૫૦,૦૦૦ થી વધુ અરજી થઈ હતી. હજુ ઘણા વિભાગોમાં ટેકનીકલ જગ્યાઓ ખાલી છે.એટલે વધુ ભરતી નીકળવાની શકયતા છે.

# મધ્ય પ્રદેશના નવા મુખ્યમંત્રી કોણ ?ઃ સાંજે ફેંસલો

## રાજસ્થાનના સીએમની પસંદગી કાલેઃ છત્તીસગઢમાં આદિવાસી ચહેરાને પસંદ કરી ભાજપે તમામ અટકળો ખોટી પાડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિન્દી બેલ્ટના ત્રણ મહત્વના રાજયો મધ્યપ્રદેશ, છતીસગઢ અને રાજસ્થાનમાં વિધાનસભા ચુંટણીમાં ભવ્ય વિજય બાદ પણ એક સપ્તાહ સુધી નવા મુખ્યમંત્રી નિશ્ચીત કરવામાં નસમયથ લીધા બાદ ગઈકાલે છતીસગઢમાં ચર્ચાને તથા અટકળોને ખોટી પાડીને આદિવાસી ક્ષેત્રના નમહારથીથ તરીકે ઉપસી આવેલા અને વિષ્ણુદેવ સાયતાને જવાબદારી સોપ્યા બાદ આજે સાંજે મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે પણ રાજસ્થાનમાં કોકડું ભારે ગુંચવાયું છે અને હવે આજે મળનારી ધારાસભ્યોની બેઠક મુલત્વી રખાઈ છે તથા આવતીકાલે નવા નામ પર મંથન થશે. મધ્યપ્રદેશમાં આજે બપોરે ૧ વાગ્યાથી જ પાટનગર ભોપાલમાં આ માટેની સતાવાર ગતિવિધિ શરુ થઈ જશે અને ૩.૪૫ કલાકે ધારાસભ્યોની બેઠક મળશે.



જેમાં સાંજે પાંચ વાગ્યે નવા ચહેરાની જાહેરાત થઈ શકે છે. ભાજપે મધ્યપ્રદેશમાં પણ છતીસગઢ જેવું આશ્ચર્ય સર્જવાની તૈયારી રાખ્યાના સંકેત છે જેમાં સૌથી આગળ પુર્વ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ પટેલનું નામ છે. તેઓએ કેન્દ્રીય મંત્રી તરીકે કામગીરી તેમના પ્લસ પોઈન્ટ છે. આ આરએસએસની મંજુરી પર સૌની નજર છે તો ૨૦૧૮માં પરાજય બાદ ભાજપે પક્ષાંતરથી સરકાર 'ભેટ'માં આપનાર કેન્દ્રીય મંત્રી જયોતીરાદીત્ય સિંધીયા પણ ચર્ચામાં છે પણ તેમનું મૂળ કોંગ્રેસી લેબલ તેના વિરોધમાં છે. આ ઉપરાંત પુર્વ કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર માટે સૌથી વધુ તક હતી પણ ચુંટણી સમયે તેના પુત્રનો એક વિડીયો વાયરલ થયો તે તેમના વિરુદ્ધ જઈ શકે છે પણ સંઘનું દબાણ તેમની સાથે છે.

''કોંગ્રેસ પાસેથી પુરી બહુમતી સાથે સતા છીનવી લીધા બાદ પણ ભાજપ માટે રાજસ્થાનમાં નવા મુખ્યમંત્રીની પસંદગી મુશ્કેલ બની હોવાના સંકેત છે અને છેલ્લા બે દિવસ રાજનાથસિંહ સિવાયના નિરીક્ષકો ધામા નાખીને બેઠા છે પણ આજે મળનારી બેઠક હવે કાલ પર મુલત્વી રખાઈ છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ પુર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે તેમના દાવાને છોડવા તૈયાર નથી. દિલ્હીથી ડેપ્યુટ થયેલા નેતાઓ સમક્ષ તેમની દલીલ છે કે પાંચ વર્ષ તેણે પ્રદેશમાં મહેનત કરી ફરી ભાજપને વિજેતા બનાવી છે.

તેમના નિવાસે ધારાસભ્યોની આવનજાવન ચાલુ છે. જો કે આજે રાષ્ટ્રપતિ લખનૌમાં છે અને તે ક્ષેત્રના સાંસદ હોવાથી રાજનાથસિંહ માટે હાજર રહેવું જરૂરી છે તેથી તેઓ મોડામાં મોડા સાંજે જયપુર પહોંચી જશે તેવા સંકેત છે પણ રાજયમાં વિવિધ સમાજના ટોચના અગ્રણીઓ પણ જયપુર પહોંચી ગયા છે.

# મણિપુરમાં હથિયારોના ભંડાર સહિત ૮ ઉગ્રવાદી પકડાયા, અપહરણ કરાયેલા વિદ્યાર્થીને છોડાવી લેવાયો

## છેલ્લા સાત મહિનાથી મણિપુરમાં હિંસાનો દોર, પોલીસે કરી કાર્યવાહીઃ ૨૨ વર્ષીય વિદ્યાર્થીને ચુંગાલમાંથી મુક્ત કરાવાયો

**મુખ્ય સમાચાર, ઈમ્ફાલ**

મણિપુરમાં છેલ્લા સાત મહિનાથી જાતીય હિંસા વચ્ચે ઉગ્રવાદીઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. અહીં સશસ્ત્ર દળો વિરુદ્ધ હિંસક ઘટનાઓમાં ઉગ્રવાદી સંગઠનોની સંડોવણી અંગે પહેલાથી દાવા થઈ રહ્યા હતા. ત્યારે હવે ધીમે ધીમે હવે આ ઉગ્રવાદીઓની ધરપકડનો દોર પણ શરૂ થઈ ગયો છે. અહેવાલ અનુસાર મણિપુર પોલીસે ૮ ઉગ્રવાદીઓની ધરપકડ કરી લીધી છે.



ધરપકડ કરાયેલા આ ૮ ઉગ્રવાદીઓના સકંજામાંથી એક ૨૨ વર્ષીય વિદ્યાર્થીને મુક્ત કરાવી લેવામાં આવ્યો છે. પોલીસે કહ્યું કે પકડાયેલા ઉગ્રવાદી પૂર્વોત્તર રાજ્યમાં એક પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠન કાંગલેઈપક કમ્યુનિસ્ટ પાર્ટી સક્રિય સભ્યો છે.


એક પોલીસ અધિકારીએ કહ્યું કે જે વિદ્યાર્થીને આ ઉગ્રવાદીઓના સકંજાથી મુક્ત કરવાયો છે તેનું નામ લેશરામ ચિંગલેન સિંહ છે. તે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં ડીએમ કોલેજ ઓફ સાયન્સના હોસ્ટેલમાં રહેતો હતો અને શુક્રવારે બપોરે તેનું અપહરણ કરાયું હતું. આ ઉગ્રવાદીઓના સાથીઓએ તેનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ ઉગ્રવાદીઓએ લેશરામને સુરક્ષિત મુક્ત કરવા માટે તેના માતા-પિતા પાસે ૧૫ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. અપરાધીઓ પાસેથી ભારે માત્રામાં હથિયારો કબજે કરી લેવાયા હતા.

# આવકવેરા વિભાગની ત્વરિત કામગીરીઃ ચાર વર્ષથી અટકેલાં રિફંડ ટુંક સમયમાં મળી જશે

## ટેકનિકલ કારણોસર લાંબા સમયથી પેન્ડીંગ રિફંડના કેસોનો આઈટી ઝડપથી નિકાલ કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટેકનીકલ કારણોથી અટકેલા આવકવેરા રિફંડના કેસોમાં કરદાતાઓને રાહત મળી રહી છે. ખાસ કરીને તેમને, જેમને છેલ્લા ચાર આકલન વર્ષો માટે રિફંડ નથી મળ્યું, આવકવેરા વિભાગ આ મામલામાં ઝડપથી નિકાલ કરીને ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં સંબંધીત કરદાતાઓના ખાતામાં બાકી રકમ જમા કરી દેશે.




આ બાબતે વિભાગ તરફથી આદેશો ઈસ્યુ કરી દેવાયા છે. વિભાગના અનુસાર અનેક કરદાતાઓના આવકવેરા રિટર્ન- આઈટીઆરને સમય સીમા પુરી થઈ જવાના કારણે પ્રોસેસ નહોતો કરી શકાયા. જયારે કેટલાક મામલામાં આઈટીઆરમાં આવેલી ટેકનીકલ મુશ્કેલીના કારણે તેને વેરિફીકેશન નહોતું થઈ શકયું, જેના કારણે પણ કરદાતાઓના રિફંડના દાવાઓનો નિકાલ નહોતો થઈ શકયો. આ શરતોનું પાલન કરવું પડશેઃ વિભાગના અનુસાર જુના કેસમાં રિફંડ ત્યારે જાહેર થશે.

જયારે આઈટીઆરમાં કરદાતા દ્વારા કરવામાં આવેલી ગણતરી આવકવેરા વિભાગની ગણતરી સાથે મેળ ખાતી હશે. આવકવેરા વિભાગ દ્વારા રિફંડ મંજુર થતા જ કરદાતાને ઈ-મેલ મોકલી જાણ કરવામાં આવશે. તેમનું આવકવેરા રિફંડ ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં ઈસ્યુ કરી દેવામાં આવશે. વિભાગના આદેશ અનુસાર સૌથી પહેલા એ લોકોની આઈટીઆરની પ્રોસેસ કરવામાં આવશે, જેમણે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ રિફંડ નથી મળ્યું. ત્યારબાદ આકલન વર્ષ ૨૦૨૦-૨૧ના કેસોને લેવામાં આવશે.

આવકવેરા વિભાગ એ આવકવેરા રિટર્નની બીજીવાર તપાસ કરી રહ્યું છે. જેમાં ચેરીટેબલ સંસ્થાઓ અને રાજનીતિક પક્ષોને કરવામાં આવેલા દાન પર કરમુકિત (ટેકસ ફ્રી)નો દાવો કરવામાં આવ્યો છે.

કેટલાંક કેસોમાં દાનની રસીદ બોગસ મળી આવી છે. વિભાગે આ કરદાતાઓને નોટીસ જાહેર કરીને જવાબ માંગ્યો છે.આ કેસો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના છે. એઆઈ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની મદદથી વિભાગે એ લોકોની ઓળખ કરી છે. જેમની આવક અને દાનનું પ્રમાણ સાચુ નથી લાગતુ. આ નોટીસમાં વ્યાજબી કારણ પૂછવામાં આવ્યુ છે જે કેસોમાં કરમુકિતની મોટી રકમ છે. તેમને બીજીવાર સંશોધીત (સુધારેલુ) રીટર્ન દાખલ કરવાનું કહેવામાં આવ્યું છે.''

# ૧ ઓક્ટોબર ૨૦૨૫થી તમામ ટ્રકોમાં AC કેબિન ફરજિયાત, માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા જાહેર કરાયું નોટિફીકેશન

## ૧ ઓક્ટોબર, ૨૦૨૫ અથવા ત્યારબાદ બનેલા તમામ N2 અને N3 કેટેગરીના ટ્રકોની કેબિન માટે એરકંડીશનિંગ સિસ્ટમ લગાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ટ્રકોની ખરાબ વ્યવસ્થાને જોતા ભારત સરકારે તમામ ટ્રકોમાં અઈ કેબિન ફરજિયાત કરી દીધું છે. માર્ગ પરિવહન મંત્રાલયે એક નોટિસ જાહેર કરતા કહ્યું કે, ૨૦૨૫થી તમામ નવી ટ્રકોમાં ડ્રાઈવરો માટે ફૈક્ટ્રી-ફિટેડ AC કેબિન હોવું ફરજિયાત બનશે. મંત્રાલયે શુક્રવાર રાત્રે જાહેર કરેલા રાજપત્ર અધિસુચનામાં કહ્યુ કે, ૧ ઓક્ટોબર, ૨૦૨૫ અથવા ત્યારબાદ બનેલા તમામ N2 અને N3 કેટેગરીના ટ્રકોની કેબિન માટે એર કંડીશનિંગ સિસ્ટમ લગાવવામાં આવશે.



નોટીફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, એર કન્ડીશનીંગ સિસ્ટમથી સજ્જ કેબિનોનું પરીક્ષણ નોટિફાઈડ ઓટોમોટિવ ધોરણો અનુસાર તેમા N2 અને N3 કેટેગરીના કોમર્શિયલ વાહનોનો સમાવેશ થાય છે.આના કારણે ટ્રક નિર્માતાઓને એસી સિસ્ટમવાળા કેબિન સાથેના ચેસીસ વેચવાનો માર્ગ પણ મોકળો બનશે. હાલના સમયમાં ટ્રક બોડી બનાવનારા બિલ્ડર ફિટ કરે છે. એટલા માટે ટ્રકના ડેશબોર્ડ સહિત એસી કેબિનમાં મોડિફિકેશનની જરુર હશે, એટલે ટ્રક ઉત્પાદક કંપનીઓને જાતે લગાવવાના રહેશે. જેના કારણે હવે કેબિનને ફિટ કરવા માટે વાહનમાં બોડી બિલ્ડરોની જરૂરીયાત ખત્મ થઈ જશે. તમને જણાવી દઈએ કે એક નોન-પ્રોફિટેબલ ઓર્ગેનાઈઝેશને ૨૦૨૦માં ૧૦ રાજ્યોમાં ટ્રક ડ્રાઈવરોના સર્વેક્ષણ કર્યુ હતું જેમા લગભગ અડધાથી વધારે ટ્રક ડ્રાઈવરોએ આ વાતને સ્વીકારી હતી કે, થાક અને ઊંઘ આવતી હોવા છતા પણ તેઓ ગાડી ચલાવતા હોય છે.

આ કેટેગરીમાં એવા ભારે માલ વહન કરતાં વાહનોનો સમાવેશ થાય છે જેનું કુલ વજન ૩.૫ ટનથી વધુ અને ૧૨ ટનથી ઓછું હોય.

# અયોધ્યામાં ધર્મ પથ પર 'સૂર્ય સ્થંભ' સ્થાપિત કરાયો, પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમની તૈયારી પૂરજોશમાં

## પીએમ મોદી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં સામેલ થશે

**મુખ્ય સમાચાર,, નવીદિલ્હી**

અયોધ્યામાં રામ મંદિર નિર્માણનું કાર્ય પૂરજોશથી ચાલી રહ્યું છે. રામ મંદિરનું ગર્ભગૃહ બનીને તૈયાર થઈ ગયુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં સામેલ થશે. આ કાર્યક્રમમાં ૬ હજારથી વધુ મહેમાનો સામેલ થશે. તે પહેલા અયોધ્યામાં ધર્મ પથ પર 'સૂર્ય સ્તંભ' સ્થાપિત કરવામાં આવ્યો છે. અયોધ્યાના ઉખ નિતીશ કુમારે જણાવ્યું કે, લતા મંગેશકર ચોક પાસે ધર્મ પર પર શરૂઆત અને અંતિમ બિંદુ વચ્ચે નિયમિત અંતર પર 'સૂર્ય સ્તંભ' સ્થાપિત કરવામાં આવી રહ્યો છે.અયોધ્યામાં ધર્મ પથ પર



રઘુવંશીઓના આરાધ્ય ભગવાન સૂર્યનું પ્રતિનિધિત્વ કરતા સૂર્ય સ્તંભ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આખી અયોધ્યામાં ૪૦ સ્થળો તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેનાથી મુખ્ય માર્ગને વધુ આકર્ષણ મળશે. લોક નિર્માણ વિભાગ નવ મીટર લાંબી તથા ચાર મીટર ઊંચી ૮૫ દીવાલોનું નિર્મણા કરી રહ્યા છે જેના પર રામ કથાનું ચિત્રણ કરવામાં આવશે. ૩૦-૩૦ મીટરના અંતરે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

અયોધ્યામાં લખનૌ-ગોરખપુર નેશનલ હાઇવે (NH-27) પર સાકેત પેટ્રોલ પંપથી લઈને લતા મંગેશકર ચૌક સુધીના માર્ગને ધર્મ પથનું નામ આપવામાં આવ્યુ છે. આ રસ્તો લગભગ ૨ કિમીનો છે. રામજન્મભૂમિને હાઈવે સાથે જોડનારો આ જ મુખ્ય માર્ગ છે. રામ મંદિરનું ગર્ભગૃહ બનીને તૈયાર થઈ ગયુ છે તેની તસવીરો પણ સામે આવી ચૂકી છે. વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયે આ તસવીર શેર કરી હતી.

# જામનગરના શેખપાટ ગામના મહિલા સરપંચના પતિ અને ઉપસરપંચ ૬૦,૦૦૦ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના શેખપાટ ગામના મહિલા સરપંચના પતિ અને ઉપ સરપંચ ૬૦,૦૦૦ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા હતા. લાલ બંગલા સર્કલ પાસે એસીબીએ છટકું ગોઠવ્યું હતું. જેમાં શેખપાટ ગામના ઉપ સરપંચ અને સભ્ય રૂપિયા ૬૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. મહિલા સરપંચના પતિ મનસુખ નાથાભાઈ ચાવડા અને ઉપસરપંચ રામજી કણજારીયાને એસીબીએ ઝડપી પાડ્યાં હતા.જામનગરની લાંચરૂશ્વત શાખા દ્વારા આજે વર્લ્ડ એન્ટી કરપ્શન ડે ની ઉજવણી



કરવામાં આવી હતી. તેની સાથે જ લાંચનું છટકું પણ ગોઠવવામાં આવ્યું હતું, અને શેખપાટ ગામના મહિલા સરપંચના પતિ તથા ઉપ.સરપંચને એક કોન્ટ્રાક્ટર પાસેથી રૂપિયા ૬૦,૦૦૦ની લાંચની રકમ સ્વીકારતાં રંગે હાથ ઝડપી લીધા હતા. લાલ બંગલા સર્કલમાં લાંચ લેવા અંગેનું સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે, અને બંનેની અટકાયત કરી લેવાઇ છે.શેખપાટ ગામના મહિલા સરપંચના પતિ મનસુખ નાથા ચાવડા કે જેઓ શેખપાટ ગામના હાલ સભ્ય છે, તે ઉપરાંત ઉપ સરપંચ રામજીભાઈ કણઝારીયા કે જેઓએ ગામમાં જ એક કોન્ટ્રાક્ટરને માટીકામ કરવા દેવા માટે લાંચની માંગણી કરી હતી. અમારા ગામમાં કામ કરવું હોય તો તમારે પૈસા તો આપવા જ પડશે, તેમ કહીને કોન્ટ્રાક્ટર પાસેથી બંને એ ૩૦-૩૦ હજાર રૂપિયાની લાંચની માંગણી કરી હતી.કોન્ટ્રાક્ટર તે રકમ આપવા માંગતા ન હોવાથી તેઓએ જામનગર ની એ.સી.બી. શાખાનો સંપર્ક સાધ્યો હતો, અને જામનગરના લાલ બંગલા સર્કલમાં નવમી ડિસેમ્બરના મોડી સાંજે લાંચ ની રકમ આપવા માટેનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જે મુજબ જામનગર એ.સી.બી. ની ટીમ દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવી હતી, અને ફરિયાદી કોન્ટ્રાક્ટર પાસેથી મહિલા સરપંચના પતિ અને ઉપ-સરપંચ રૂપિયા ત્રીસ ત્રીસ હજારની લાંચની રકમ સ્વીકારવા માટે આવતાં એ.સી.બી. ની ટીમેં બંનેને રંગે હાથ ઝડપી લીધા હતા. તેઓને જામનગર એ.સી.બી.ની કચેરીમાં લઈ જવામાં આવ્યા છે, અને તેઓ સામે લાંચ રૂશ્વત ધારા હેઠળ કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે.

# જામનગરની પટેલ કોલોની વિસ્તારમાં રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા: ૧.૬૩ લાખના દાગીના ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની પટેલ કોલોની વિસ્તારમાં રહેતા અને ન્યારા કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સના રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. કબાટમાં રાખેલ સોનાના દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. જે મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.આ




બનાવની પ્રાપ્ત વિગત એવી છે.કે, જામનગરમાં પટેલ કોલોની શેરી નંબર ૮/૧માં દેવ એલીગન્સ નામના એપાર્ટમેન્ટમાં રહેતા તેમજ ન્યારા કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા સંદીપભાઈ જગદિશભાઈ પરમાર તેમના પરિવાર સાથે રાજકોટ ખાતે તેમના સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગે ગયા હતા. દરમ્યાન તેમના મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ કબાટમાંથી સોનાની બે બંગડી, ત્રણ સોનાની બુટી સહિત કુલ રૂ.૧.૬૩ લાખના સોનાના દાગીનાની ચોરી કરી હતી. જે મામલે સંદીભાઈ પરમારે પોલીસમાં ફરિયાદ નોંધાવતા અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. તેમજ પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ તસ્કરોને શોધવાની કવાયત શરૂ કરી છે.

# મોરબીમાં 'જીવવું હોય તો પૈસા આપવા પડશે' તેમ કહી અનુ.જનજાતિના યુવાનને છરીના ઘા મારી લૂંટી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના લીરેલીરા ઉડાડતો વધુ એક બનાવ બનવા પામ્યો છે. જેમાં વીસીપરા રેલ્વે સ્ટેશન પાછળ ખાડા વિસ્તારમાં સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં એક અનુ.જન જાતિનો યુવાન પોતાના મિત્રને રેલ્વે સ્ટેશન પાસે મૂકીને ઘરે પરત આવતો હોય ત્યારે બે અસામાજિક લુખ્ખા દ્વારા યુવાનના મોટર સાયકલ આડું પોતાનું મોટર સાયકલ ઉભું રાખી યુવાનને કહ્યું કે જીવવું હોય તો પૈસા આપવા પડે તેમ કહી બંને લુખ્ખામાંથી એક લુખ્ખાએ યુવાનને પકડી રાખી બીજા લુખ્ખાએ બળજબરીપૂર્વક યુવાનના ખિસ્સામાં રહેલ પાકીટમાંથી ૧૩ હજાર કાઢી લઇ પોતાના નેફામાં રહેલ છરી કાઢી યુવાનને હાથમાં અને સાથળના ભાગે છરીથી ઈજાઓ પહોંચાડી નાસી ગયા હતા સમગ્ર મામલે યુવકે હોસ્પિટલના બિછાનેથી બંને લુખ્ખાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને લુખ્ખાતત્વો સામે કડક કાર્યવાહી સબબ એટ્રોસિટી સહિતની ભારે કલમો હેઠળ



ગુન્હો નોંધી બંને આરોપીઓને પકડી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર મોરબીના વીસીપરા રોહિદાસપરામાં રહેતા કિશોરભાઈ મનુભાઈ ચાવડાએ આરોપી અલ્તાફ ઉર્ફે અલ્ટી અબ્દુલભાઇ જેડા તથા અલ્યાસ ઉર્જે ભીમો હુસેનભાઇ સુમરા રહે.બંને મોરબી વીસીપરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે આ બંને લુખ્ખા આરોપીઓએ કિશોરભાઈના બાઈક આગળ પોતાનું બાઈક ઉભું રાખી બોલાચાલી કરી કિશોરભાઈને કહ્યું કે જીવવું હોય તો પૈસા આપવા પડશે તેવી માંગણી કરેલ હતી. જેના પ્રત્યુત્તરમાં કિશોરભાઈએ કહેલ કે મારી પાસે પૈસા નથીનું જણાવતા બંને લુખ્ખા તત્વો એકદમ ઉશ્કેરાઈ જઈ કિશોરભાઈને બાઇકમાંથી ઉતારી નીચે પછાડી દીધા હતા. ત્યારબાદ બંને લુખ્ખાઓનો પૈકી અલ્તાફે પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી તથા અલ્યાસે કિશોરભાઈને પકડી રાખી બળજબરી પૂર્વક કિશોરભાઈનું ખિસ્સામાં રહેલ પાકીટ કાઢી લીધું હતું. જે પાકીટ પાછું લેવા જતા કિશોરભાઈને હાથમાં અંગુઠા અને સાથળના ભાગે છરીનો ઘા મારી પાકીટમાંથી બારથી તેર હજાર રૂપિયા રોકડા કાઢી લઇ પાકીટનો ઘા કરી દીધો હતો ત્યારબાદ કિશોરભાઈએ મદદ માટે રાડા રાડી કરતા આજુબાજુમાંથી કિશોરભાઈના મિત્ર સહિતના લોકો આવી જતા બંને લુખ્ખાઓ કિશોરભાઈના મોબાઈલમાં અને એક્સેસ મો.સાયકલમાં છરી અને પાટા મારી નુકસાની કરીને ત્યાંથી નાસી ગયા હતા.

બંને લુખાઓ દ્વારા ઈજાગ્રસ્ત કિશોરભાઈને તેના મિત્ર દ્વારા સારવાર અર્થે મોરબીની ખાનગી હોસ્પિટલમાં લોહી લોહાણ હાલતમાં લાવતા જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ હાલ કિશોરભાઈ સંપૂર્ણ સ્વસ્થ હાલતમા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે બંને લુખ્ખા આરોપીઓ સામે આઇપીસી કલમ, જીપી એક્ટ તેમજ એટ્રોસિટી કલમ હેઠળ ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સરકારી યોજનાઓ થકી લોક કલ્યાણનો વ્યાપ એટલે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા ના લક્ષ્મીનગર ગામ ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવાના હેતુસર શરૂ થયેલ ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' નુ ગામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું આ કાર્યક્રમ મા વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું લાભાર્થીઓને વિતરણ કર્યુ તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો તથા કાર્યક્રમમાં ઉપસ્થિત પુર્વ ગુજરાત સરકાર ના મંત્રી શ્રી બ્રીજેશભાઇ મેરજા તેમજ જીલ્લા મહામંત્રી શ્રી કે એસ અમૃતિયા ,મોરબી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી અરવિંદ ભાઇ વાસદડીયા ,મોરબી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઇ દેસાઇ ,તાલુકા પંચાયત સભ્ય શ્રી હર્ષદભાઇ,તાલુકા વિકાસ અધિકારી શ્રી પી એસ ડાંગર ,તાલુકા શિક્ષણ અધિકારી ગરચર ભાઇ , હંસરાજભાઇ પાચોટીયા,બાલકુશ્ણભાઇ, વિઠલભાઇ, લવજી ભાઇ ભંખોડીયા, દુર્લભજી ભાઇ સિતાપરા એ ગ્રામજનોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા હતા સરપંચશ્રી, તલાટી મંત્રી ,અધિકારીઓ તેમજ ગ્રામ્યજનો ઉપસ્થિતી મા ખેતર માં ખેડુતો ની રૂબરુ ડ્રોનથી દવા છંટકાવ માટે નિદર્શન કરાયુ તેમજ ડ્રોન થી દવા છંટકાવ ના લાભો જણાવ્યા હતા.

# હળવદમાં ટાટાનું નકલી મીઠું પેકીંગ કરવાનું કૌભાંડ ઝડપાયું

## હળવદ સોલ્ટ એસોસીએશનના પૂર્વ પ્રમુખના કારખાનામાંથી કૌભાંડ ઝડપાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ જીઆઈડીસીમાંથી પ્રખ્યાત ટાટા કંપની જેવા ભળતા નામે નકલી નમક પેકીંગ કરવામાં આવતું હતું.

મળતી માહિતી મુજબ, હળવદ જીઆઈડીસીમાં ટાટા કંપનીના અધિકારી રોહીતકુમાર ઉર્વેશકુમાર કર્ણાવતે બાતમીને આધારે હળવદ સોલ્ટ એસોસીએશનના પૂર્વ પ્રમુખ એવા આરોપી ગોપાલભાઈ બાબુલાલ ઠક્કર, શિવમ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાં પોલીસને સાથે રાખી તેમની ટાટા સોલ્ટ પ્રોડક્ટના ભળતા નામે ટાટા સોલ્ટ કંપનીના પ્લાસ્ટીકના પ્રીન્ટેડ વીથ જ્બડઊિછત્રદ્યકઉ જક્રહ લિંખેલ ટાટા કંપનીના લોગો તથા કલર તથા ડીઝાઇન સાથે ભળતા સામ્યતા ધરાવતા રોલ નંગ ૧૦૦ કી.રૂ. ૩૦૦૦૦ તથા મીઠાની ખાલી બેગ ૨૦૦૦૦ કિંમત રૂપિયા ૩૦૦૦૦ મળી કુલ ૬૦૦૦૦ નો મુદામાલ કબ્જે કરી હળવદ પોલીસ મથકમાં કોપીરાઈટ એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી હતી. હળવદ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# માળિયા(મી.)ના માણાબા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ પહોંચ્યો

## મોરબી જિલ્લાના માળિયા મીયાણા તાલુકાના માણાબા ગામે સરકારી પ્રાથમિક શાળામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ પહોંચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા મીયાણા તાલુકાના માણાબા ગામના ગ્રામજનો અને આગેવાનોએ સ્વાગત કરી આવકાર સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથના માધ્યમથી વધુ માહિતી પ્રાપ્ત કરી માળીયા તાલુકાના દરેક ગ્રામ પંચાયતની હદમાં હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી અને ગુજરાત રાજ્ય મંત્રી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રજા લક્ષી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓના લાભ ગ્રામ્ય વિસ્તારના લોકો લઈ શકે તે માટે દરેક શહેર જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વિકસિત ભારત સંકલન યાત્રાનો રથ માળિયાં તાલુકા પંથકના જુદા જુદા ગ્રામ્ય





વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારની મતદાર પ્રજાને સરકારી યોજના અંગે માર્ગદર્શન સાથે ડિજિટલ યુગમાં ઝડપી વિવિધ યોજનાઓના લાભ લોકો લઈ શકે એવા માર્ગદર્શન સાથે કાર્યક્રમ અંતર્ગત માળીયા મીયાણા તાલુકાના માણાબા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ રથ શાળા ખાતે પહોંચતા સમગ્ર માણાબા ગામના આગેવાનો અને ગ્રામજનો એ આવકાર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું અને રથમાં જોડાયેલા મોરબી માળિયા ના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા અને મણિલાલ સરડવા સહિતના કાર્યકરો હોદ્દેદારો અને સરકારી અધિકારી તેમજ આયોજકોનુ માણાબા ગામના સરપંચ ઉપસરપંચ અને પંચાયત બોડીના સભ્યો અને વિદ્યાર્થીઓ દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતુ

# જામનગર તાલુકાના સુમરી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના પ્રચાર પ્રસાર અને તેના અમલીકરણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગત તા.૧૫મી નવેમ્બરના રોજ 'જનજાતીય ગૌરવ દિવસ' થી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત, જામનગર તાલુકાના સુમરી ધુતારપર ગામમાં રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે કેબિનેટ મંત્રી.રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર દેશના નાગરિકોનું જીવન ધોરણ સુધરે, તેમના સુધી વિકાસના ફળ પહોંચે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ લાગુ પાડવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ, નલ સે જલ અને કલ્પસર યોજના જેવી અનેકવિધ યોજનાઓ લાગુ પાડવામાં આવી છે. જેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ તળે ગામડે- ગામડે નાગરિકો સુધી વિકાસના ફળ પહોંચાડવામાં આવી રહ્યા છે.કાર્યક્રમમાં વિકસિત ભારત




સંકલ્પ યાત્રા વિષય આધારિત ટુંકી ફિલ્મનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. તેમજ ''મેરી કહાની, મેરી જુબાની'' અન્વયે વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. મંચસ્થ મહેમાનોના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને સ્થળ પર જ લાભો અર્પણ કરવામાં આવ્યા હતા. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર દર્શિતભાઈ ભટ્ટ દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના વિશે કારીગરોને જાણકારી અપાઈ હતી. તેમજ સુમરી ગામના પ્રગતિશીલ ખેડૂત કિશોરભાઈ પેઢળિયાએ ગ્રામજનો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ કર્યો હતો.સુમરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા ''ધરતી કરે પુકાર- પ્રાકૃતિક કૃષિ કાર્યક્રમ'' થીમ આધારિત નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલીનભાઈ રાજાણીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ જામનગર તાલુકા વિકાસ અધિકારી સરવૈયાભાઈ દ્વારા કરવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત સર્વે નાગરિકો દ્વારા વિકસિત ભારત-૨૦૪૭ ના સ્વપનને સાકાર કરવાના હેતુથી સંકલ્પ લીધા હતા.આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગઢવી, જામનગર તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન દુધાગરા, જિલ્લા ખેતીવાડી અધિકારી ગોહિલ, આગેવાન કુમારપાલસિંહ રાણા, મુકુંદભાઈ સભાયા, ગિરિરાજસિંહ જાડેજા, આજુબાજુના ગામોમાંથી પધારેલા આગેવાનઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત માટે ગૌરવવંતી ક્ષણ: ઇન્ટરનેશનલ જૂનિયર સાયન્સ ઓલમ્પિયાડમાં ભારતને મળ્યા ૫ ગોલ્ડ મેડલ અને ૧ સિલ્વર મેડલ

## ધોરાજીનાં પાટણવાવનાં રૂદ્ર પેથાણીએ ગોલ્ડ મેડલ જીતી વગાડ્યો ભારતનો ડંકો





**મુખ્ય સમાચાર, કૌશલ સોલંકી**

**ધોરાજી:** રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાનાં મૂળ પાટણવાવ ગામનાં રૂદ્ર પેથાણીએ તાજેતરમાં તા. ૦૧ થી ૦૮ ડીસેમ્બર સુધી બેંગકોક, થાઈલેન્ડ ખાતે યોજાયેલ ૨૦મી ઇન્ટરનેશનલ જૂનિયર સાયન્સ ઓલમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતી ભારતનો ડંકો વગાડ્યો છે. આ સ્પર્ધામાં ભારતને ૦૫ ગોલ્ડ મેડલ અને ૦૧ સિલ્વર મેડલ પ્રાપ્ત થયો છે.

આ ઓલમ્પિયાડ માટે ભારતમાંથી ૦૬ વિદ્યાર્થીઓનું સિલેકશન થયું હતું, જેમાં રૂદ્રને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થતાં પરિવારમાં ખુશી છવાઈ છે. આ તકે ગામના સરપંચશ્રી પ્રવિણભાઈ પેથાણીએ રૂદ્રને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આ ખુશીની ક્ષણ પેથાણી પરીવાર તથા ભારત માટે ગૌરવવંતી ક્ષણ છે. રૂદ્રએ તેના પિતા ડો.કૌશિક પેથાણી તથા માતા ડો. હીના પેથાણી અને સમગ્ર પરિવારની સાથે સાથે પાટણવાવ, ગુજરાત અને ભારતનું નામ દુનિયાભરમાં રોશન કર્યું છે.

ઉલ્લેખનિય છે કે, હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન (HBCSE) ઓલિમ્પિયાડ કાર્યક્રમ માટે દેશનું નોડલ કેન્દ્ર છે, જે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સ્પર્ધા માટે ૧૩ થી ૧૫ વર્ષ વચ્ચેના વિદ્યાર્થીઓની ભારતીય ટીમ પસંદગી કરી તાલીમ આપે છે. આ સ્પર્ધામાં જુદા જુદા ૫૪ દેશોમાંથી ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# મોરબીમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ દ્વારા ચાર જીલ્લાની પદયાત્રા તથા મહાપંચાયત યોજાઈ

## મોરબીના સરદારબાગથી સામાકાંઠા વિસ્તારના કેસરબાગ સુધી પદયાત્રાનું આયોજન





**મુખ્ય સમાચાર, મોરબી**

રાષ્ટ્રીય સંયુક્ત મોરચો મોરબી આયોજિત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની જૂની પેન્શન યોજનાના અમલ સહીત પડતર પ્રશ્નોના ઉકેલ માટે આ પદયાત્રા અને મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાર જીલ્લાના એટલે કે મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છ જીલ્લાના શિક્ષકો આ પદયાત્રા અને મહા પંચાયતમાં બહુ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

આ તકે રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના પ્રમુખ દ્વારા જણાવ્યું હતુંકે ગુજરાત રાજ્યના શિક્ષકો સહિતના અન્ય વિભાગના કર્મચારીઓ છેલ્લા બે વર્ષથી જૂની પેન્શન યોજના પુન:લાગુ કરવા સહિતના અનેક પ્રશ્નો માટે લડત ચલાવી રહ્યા છે.છેલ્લે વિધાનસભાની ચૂંટણી પહેલા સરકાર દ્વારા બનાવેલી પાંચ મંત્રીઓની કમિટીએ કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા માટેનો સૈદ્ધાંતિક સ્વીકાર પણ કરેલ હોવા છતાં આજદિન સુધી ઠરાવ બહાર પાડેલ ન હોય. જે સંદર્ભે બીજી ઓક્ટોબરના ગાંધીજયંતીના રોજ સમગ્ર રાજ્યમાં મૌન રેલી અને ધરણાનું આયોજન કરેલ હતું. ત્યારબાદ જિલ્લા સંગઠન દ્વારા તમામ સાંસદ,ધારાસભ્યો, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ભાજપ સંગઠનના પ્રમુખોને આવેદનો આપવાના કાર્યક્રમો યોજાયો અને ઘણા બધા રાજનેતાઓએ કર્મચારીઓના સમર્થનમાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને ભલામણ પત્રો સમર્થન પત્રો પણ લખી આપેલ છતાં આજદિન સુધી સરકાર દ્વારા કોઈ નક્કર કામગીરી થયેલ ન હોય ત્યારે જૂની પેન્શન યોજના અને બીજા પડતર પ્રશ્નોને લઇ આજરોજ સમગ્ર રાજયમાં કુલ ૧૧ સ્થાનોની સાથે મોરબી જિલ્લામાં પણ પદયાત્રા અને મહા પંચાયતનું આયોજન કરવામાં આવેલ જેમાં મોરબીના સરદારબાગ ખાતે બપોરે ૩.૦૦વાગ્યે કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના શિક્ષકો સહિતના અન્ય તમામ વિભાગના કર્મચારીઓ ખુબજ મોટી સંખ્યામાં નવા બસ સ્ટેન્ડની બાજુમાં સરદારબાગ ખાતે એકત્ર થયા ત્યાંથી જુદી જુદી મંગના પ્લેકાર્ડ હાથમાં ધારણ કરી મૌન રેલી સ્વરૂપે પંચમુખી હનુમાનજી મંદિર મોરબી-૨ ખાતે પહોંચ્યા હતા ત્યાં મહાપંચાયત યોજવામાં આવી હતી.

આ મહા પંચાયત સમક્ષ શિક્ષકોએ તમામ કર્મચારીઓ સમક્ષ સત્વરે ઓપીએસ લાગુ કરવા,શિક્ષકોને બી.એલ.ઓ. જેવી બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ આપવા, ઇંઝઅઝ મુખ્ય શિક્ષકોના નિયમો સત્વરે બહાર પાડી બદલી કેમ્પ યોજવા, ઇંઝઅઝ ભરતી કેમ્પમાં મન પસંદ જગ્યા ન મળતા જેમને અસંમતી આપેલ હોય, રાજીનામું આપેલ હોય એવા શિક્ષકોના નિયમ મુજબ ઉપધો મંજુર કરવા, ફિક્સ પગારમાં નિમણુંક પામેલ માતૃશક્તિ બહેનોને પ્રસુતિ સબબની રજા કપાત રજા ગણવી નહિ અને નિમણુંક તારીખથી નિયમ મુજબ ઉપધો મંજુર કરવા વગેરે રજૂઆતો મહા પંચાયત સમક્ષ કરી હતી, મહા પંચાયતે આવેદનપત્ર તૈયાર કરી કલેકટર મારફત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવેદનપત્ર અર્પણ કર્યા હતા.

# કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે નારણપર- નાઘુના મેજર બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

રાજયના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર જિલ્લામાં આવેલ નારણપર-નાઘુના ગામના રસ્તે નાઘુના મેજરબ્રીજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. રૂ.૪.૫ કરોડના ખર્ચે ૧૮ મીટર લંબાઈ અને ૧૦ ગાળાનો બ્રિજ નિર્માણ પામશે.

ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બ્રિજ બનાવવા માટે રૂ.૪.૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. મેજર બ્રિજની કામગીરી પૂર્ણ થવાથી નારણપર,





નાઘુના તથા આજુબાજુના ગામોને તથા ગામના વાડી વિસ્તારના લોકોને ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીઓથી રાહત મળશે. ખેડૂતોને મુશ્કેલીઓ ન પડે અને તેમની સુવિધામાં વધારો થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. શહેરોની સમકક્ષ ગામડાઓ પણ ગોકુળિયા બની રહ્યા છે. અને છેવાડાના ગામડા સુધી લોકોને વિકાસના ફળ ચાખવા મળ્યા છે .

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મયબેન ગરસર, તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબેન, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન, સરપંચ સંજયભાઈ, કાર્યપાલક ઈજનેર છૈયાભાઈ, અગ્રણીઓ કુમારપાળ સિંહ, મુકુંદભાઈ, વિનોદભાઈ ભંડેરી, પરસોત્તમભાઇ, અધિકારીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ બાર એસો.ની ચૂંટણીની સમરસ પેનલના કાર્યાલયનું આજે ઉદ્‌ઘાટન

## પુર્વ રાજયપાલ વજુભાઇ વાળા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોઘરા, ધારાસભ્યો, શહેર ભાજપ પ્રમુખ સહિતના ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બાર એસોશીએશનની ચુંટણી આગામી તા. ૨૨ ના રોજ યોજાવા જઇ રહી છે ત્યારે આ ચુંટણીને લગતી કાર્યવાહી તથા તેને લગતા તમામ કાર્યક્રમોને રૂપરેખા આપવા રાજકોટની મધ્યમાં આવેલ વિરાણી હાઇસ્કૂલ ખાતે ભા.જ.પ. લીગલ સેલ દ્વારા આ ચુંટણીમાં ઉમેદવારી કરનાર સમરસ પેનલના કાર્યાલયનું મહાનુભાવોના હસ્તે ઉદ્‌ઘાટન થવા જઇ રહ્યું છે. આજે સાંજે ૦૬:૦૦ કલાકે યોજાનાર આ ઉદ્‌ઘાટન સમારોહમાં મહાનુભાવોના હસ્તે કાર્યાલય ખુલ્લું મુકવામાં આવશે જેમાં ખુબ મોટી સંખ્યામાં રાજકોટની વકીલ આલમ ઉપસ્થિત રહેનાર છે.




રાજકોટના ભા.જ.પ. લીગલ સેલ સમર્પિત પેનલ જેને 'સમરસ પેનલ'ના નામથી તમામ પદો ઉપર ઉમેદવારોને ચુંટણીમાં ઉતાર્યા છે. આ વર્ષની ચુંટણીમાં સમરસ પેનલ વતી પ્રમુખ પદ માટે કમલેશભાઇ શાહ, ઉપપ્રમુખ પદે સુરેશભાઇ ફળદુ, સેક્રેટરી પદે પી. સી. વ્યાસ, જોઇન્ટ સેક્રેટરી પદે જયેન્દ્રભાઇ ગોંડલીયા, ખજાનચી પદે આર. ડી. ઝાલા, લાઇબ્રેરી સેક્રેટરી પદે મેહુલ મહેતા, મહિલા અનામત બેઠક પરથી રેખાબેન પટેલ તથા કારોબારી સભ્યોના પદ માટે નિકુંજ શુકલ, કૌશલ વ્યાસ, ભાવેશ રંગાણી, પ્રવીણ સોલંકી, અમિત વેકરીયા, નિશાંત જોશી, અજયસિંહ ચૌહાણ, સાગર હપાણી, રણજીત મકવાણા, યશ ચોલેરા વિગેરેએ ઉમેદવારી નોંધાવેલ છે ત્યારે આગામી ચુંટણીને લઇને આ સમરસ પેનલના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન થવા જઇ રહ્યું છે. આ પ્રસંગે કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઇ વાળા, ભા.જ.પ. પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઇ બોઘરા, શહેર ભા.જ.પ. પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્યો ઉદયભાઇ કાનગડ, દર્શિતાબેન શાહ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશભાઇ બોઘરાના કરકમલ દ્વારા તા. ૧૧ ને સોમવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે સમરસ પેનલના મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ થવા જઇ રહ્યો છે. આ કાર્યક્રમમાં રાજકોટના વકીલો ખુબ બહોળી સંખ્યામાં હાજર રહેશે.

પ્રદેશ ભા.જ.પ. લીગલ સેલના સહસંયોજક અનિલભાઇ દેસાઇ, રાજકોટ બારના પ્રમુખ એલ. જે. શાહી તથા તમામ હોદેદારો, રાજકોટ ભા.જ.પ. મહાનગર લીગલ સેલના સંયોજક પીયુષભાઇ શાહ, સહસંયોજક કમલેશભાઇ ડોડીયા, રાજકોટ ક્રિમીનલ બારના પ્રમુખ એન. ડી. ચાવડા તથા તેમની ટીમ, મહિલા બારના મહિલા વકીલ સભ્યો, રેવન્યુ બારના પ્રમુખ રમેશભાઇ કથીરીયા તથા તમામ મિત્રો, રેવન્યુ પ્રેકટીશનર એસોશીએશનના પ્રમુખ એન. જે. પટેલ તથા અન્ય હોદેદારો, કલેમ બારના પ્રમુખ મનીષભાઇ ખખ્ખર તથા સમગ્ર ટીમ, કન્ઝયુમર બાર એસો.ના પ્રમુખ ગજેન્દ્રભાઇ જાની તથા અન્ય વકીલ મિત્રો, વોઇસ ઓફ લોયર્સ તથા લોયર્સ સ્પોટર્સ ફાઉન્ડેશનના પરેશભાઇ મારૂ, ભગીરથસિંહ ડોડીયા, ઇન્દ્રસિંહ ઝાલા, બિમલભાઇ જાની, વિશાલભાઇ ગોસાઇ તથા તેમની ટીમ જુનિયર બાર એસો.ના કે. બી. જાડેજા, ચંદ્રસિંહ તલાટી તથા મિત્રો, લેબર બારના પ્રમુખ સુનીલભાઇ વાઢેર તથા અન્ય મિત્રો, અધિવકતા પરિષદના ધારાશાસ્ત્રીશ્રીઓ, યુવા લોયર્સના કિરીટભાઇ નકુમ, હેમાંશુભાઇ પારેખ સહિતના તમામ મિત્રો, સરકારી વકીલ આબિદભાઇ સોશન, તરૂણભાઇ માથુર સહિતના તમામ અલગ અલગ એસોશીએશન, સંગઠનોના હોદેદાર તથા સભ્ય વકીલ મિત્રો આ ઉદ્‌ઘાટન સમારોહમાં ખુબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર છે. કાર્યક્રમના અંતે દરેક વકીલ મિત્રો સાથે તાવા પ્રસાદનો આનંદ પણ માણશે. આ કાર્યાલયના ઉદ્‌ઘાટનને લઇને સમગ્ર સમરસ પેનલ તથા અન્ય વકીલ મિત્રોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે રાજકોટના તમામ વકીલ ભાઇઓ, બહેનો, સીનીયર વકીલો તેમજ જુનિયર વકીલોને ઉમટી પડવા ભા.જ.પ. લીગલ સેલના સંયોજક પીયુષભાઇ શાહ તથા સહસંયોજક કમલેશભાઇ ડોડીયાએ અપીલ કરી છે.




# ACB ક્રાઈમ બ્રાન્ચના કર્મચારી હોવાની ઓળખ આપી શખ્સે ગુજાર્યો યુવતી પર બળાત્કાર

## યુવતીને નોકરી અપાવી દેવાની લાલચ આપી અલગ અલગ સ્થળે લઈ જઈ બળજબરી કરીઃ પ્ર.નગર પોલીસમાં નોંધાતો ગુનો : આરોપી સકંજામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ ઉપર એક વિસ્તારમાં રહેતી અને કોલેજમાં અભિયાસ કરતી યુવતીને ઉદયપુર ACB કાઈમ બાન્ચમાં નોકરી કરતો હોવાની ઓળખ આપી પરિચય મેળવી પોતાની અન્ડરમાં રાઈટર તરીકે નોકરી અપાવી દેવાની લાલચ આપી અવાર-નવાર અલગ-અલગ સ્થળોએ લઈ જઈ મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી તારા માતા પિતાને જેલમાં પૂરાવી દઈશ તેવી ધમકી આપનાર શખસ સામે ફરિયાદ કરતા પ્ર.નગર પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ, કોલેજીયન યુવતીએ પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમા આરોપી તરીકે ગંજીવાડામાં રહેતો દેવરાજ વાલજીભાઈ ગોહેલનું નામ આપ્યું હતું. ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, ચારેક વર્ષ પહેલા યુવતી તેના પિતા સાથે જ્યુબેલી પોસ્ટ ઓફિસમાં આધાર કાર્ડમાં સુધારો કરવા માટે ગઈ હતી તે દરમિયાન તેના પિતા બહાર ગયા હોય ત્યા મળેલા શખસે આધાર કાર્ડ અંગેની વાતચીત કરી હતી અને હું ઉદયપુરમાં ACB ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતો હોવાનું કહી તેની સાથે વાતચીત શરૂ કરી હતી અને પોતાનું નામ દેવરાજ ગોહેલ હોવાનું જણાવ્યું હતું અને પોતાની અન્ડરમાં રાઈટર તરીકે જોબવર્ક કરવાનું કહ્યું હતું અને ફોન નંબર આપ્યો હતો. યુવતીએ ઘરે જઈ તેના માતા-પિતાને વાત કરતા તેને નોકરી કરવાની હા પાડી હોય જેથી તેને ફોનમાં વાત કરી હતી અને તેને PDF ફાઈલ મોકલી હતી જે કામ પૂર્ણ થઈ જતા રૂ. ૧૬૦૦ આપેલ હતા અને તેને ઉદયપુર તેની સાથે કામ કરવાના માસિક ૧૨,૦૦૦ આપશે અને તેને રાઈટર તરીકે નોકરી પર રાખી લેશે અને પાંચ વર્ષ બાદ ૩૦ થી ૪૦ હજાર રૂ. મળશે તેવી નોકરીની લાલચ આપી હતી અને ઉદયપુર રહેવા-જમવાની વ્યવસ્થા થઈ જશે જેથી તેને માતા-પિતાને વાત કરવાનું જણાવ્યું હતુ.

ત્યાર બાદ તેને વાત કરતા ઘરની પરિસ્થિતિ સારી ન હોય હા પાડી હતી. ત્યાર બાદ દેવરાજે તેને ફિલ્મ જોવા માટે સિનેમા લઈ ગયો હતો અને સિનેમામાં બળજબરીથી દુષ્કર્મ ગુજાર્યો હતો. ત્યાર બાદ તેના તેને રાજકોટથી ઉદયપુર લઈ ગયો હતો અને મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી આ વાત તારા માતા-પિતાને કહેવી નહી નહીતર તને મારી નાખીશ તેવી ધમકી આપી હતી. ત્યાર બાદ પારસી અગિયારી ચોકમાં આવેલ સ્ટાર પ્લાઝામાં ઈલેક્ટ્રીક રૂમમાં બોલાવી કાયમી નોકરી આપવાની લાલચ આપી બળજબરીથી દુષ્કર્મ આચર્યુ હતું.

ઘણા સમયથી નોકરી નહી મળતા તેને ખોટું બોલો છો તેમ કહી હવે મળવા નહી આવું તેમ કહેતા તેને ઝઘડો કરી તું પાંચ વર્ષ સુધી નોકરી કરવા બંધાયેલી છો જો તું ના પાડીશ તો તને અને તારા પિતાને જેલમાં પુરાવી દઈશ તેવી ધમકી આપી હતી. અવાર-નવાર અલગ-અલગ સ્થળે લઈ જઈ બ્લેકમેઈલીંગ કરી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યાનું જણાવતા પી.આઈ. ગોંડલીયા સહિતના સ્ટાફે યુવતીની ફરિયાદ પરથી ગુનો નોંધી આરોપી દેવારાજની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# રૂપિયા ૧૭ લાખની ૪૩૮૭ બોટલ પર પોલીસ દ્વારા ફેરવી દેવાયું બુલડોઝર

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લાના ખંભાળીયા ભાણવડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા જુદા-જુદા ગુન્હાઓમાં પોલીસે ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૪૩૮૭ બોટલ કબ્જે કરી હતી. અંદાજે રૂા. ૧૭ લાખ ૬૩૯૦૦ ની કિંમતના દારૂના જથ્થાના નાશ માટે અદાલતનો આદેશ મેળવવાની તજવીજ કરવામાં આવી હતી. તેને મંજૂરી આપવામાં આવતા ખંભાળીયા પોલીસ સ્ટેશન દ્વારા કબ્જે કરાયેલી ૨૭૪૪ તેમજ ભાણવડ પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવેલી ૧૬૪૩ બોટલ મળી કુલ ૪૩૮૭ બોટલના નાશ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. ડીવાયએસપી, એસડીએમ તેમજ નશાબંધી



વિભાગના અધિકારીની ઉપસ્થિતિમાં પોલીસે શરાબનો ઉપરોક્ત જથ્થો પાથર્યા પછી તેના પર બુલડોઝર ફેરવી દઈ તેનો નાશ કર્યો હતો.

# શાસ્ત્રી મેદાન ખાતે વિરાટ વાજપેય સોમયજ્ઞનું આયોજન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**શહેરના શાસ્ત્રી મેદાન ખાતે ગત તારીખ ૮ થી અગામી તારીખ ૧૩ સુધી વિરાટ વાજપેય યજ્ઞનું આયોજન હાથ ધરાયું છે જેના મુખ્ય મનોરથી તરીકે નીતિનભાઈ પ્રભુદાસભાઈ પારેખ પરિવાર છે આ સોમ યજ્ઞ ગોકુલેશજી મહારાજ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકાયો હતો આ સોમ યજ્ઞ હજારો લોકોએ લાભ લીધો છે**

# જામનગરના હાપા માર્કેટીગ યાર્ડ પાસે બાઈક સવારને ટ્રકચાલકે અડફેટ લીધો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હાપા માર્કેટીગ યાર્ડ પાસે બાઈક સવારને ટ્રકચાલકે અડફેટ લીધો ઈજાગ્રસ્તને ૧૦૮ મારફત જી.જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો જામનગર શહેરમાં વધી રહેલા ટ્રાફીકને કારણે અકસ્માતોનું પ્રમાણ પણ વધ્યું છે. બેફામ ગતિએ વાહનો દોડી રહ્યા છે, જેના કારણે અકસ્માતો વધી રહ્યા છે. ત્યારે વધુ એક અકસ્માત.જામનગરના હાપા માર્કેટીગ યાર્ડ પાસે.સર્જાયો હતો. જેમાં પુર ઝડપે આવી



રહેલી એક ટ્રક બાઇક ચાલક યુવાનને હડફેટે લેતાં ઈજાઓ પહોંચી હતી.આ બનાવની વિગત એવી છે કે જામનગરના હાપા માર્કેટીગ યાર્ડ પાસે.ભીમવાસમાં રહેતા મહેન્દ્ર ભરતભાઈ વાઘેલા.ગત તા.૧૦ ના રોજ બપોરેના બે વાગ્યાના અરસામાં નોકરીપરથી ઘરેથી પોતાના ઘરે બાઈક જઈ રહ્યા હતા, ત્યારે માર્કેટીગ યાર્ડ પાસે પહોંચતા અજાણ્યા ટ્રક ચાલકે તેમને હડફેટે લેતાં ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતાં.

# ગોંડલના વોરાકોટડા રોડ પર પાડોશીએ મહિલાને ઢીબી નાખી

## સાયલાના ધજાડા ગામે રોડ પર મહિલા સહિત ત્રણ શખ્સોનો હુમલો, ખેતરમાં હલણ પ્રશ્ને ડખ્ખો થયો હતો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલના વોરા કોટડા રોડ પર રહેતી મહિલા પર પાડોશીઓએ હુમલો કરી માર મારતા અને સાયલાના ધજાળા ગામે વાડીના વલણ પ્રશ્ન રોડ પર મહિલા સહિત ચાર શખ્સોએ ધારીયા વડે હુમલો કરી ગંભીર ઇજા કરતા સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગેની માહિતી મુજબ ગોંડલના વોરા કોટડા રોડ પર પાંચ પીરની દારે રહેતી રૂબીનાબેન અલ્તાફભાઈ કુરેશી નામની મહિલા ગઈકાલે સાંજે



૫:૦૦ વાગ્યે પોતાના ઘર પાસે હતી ત્યારે પાડોશમાં રહેતો રહીશ તથા અમીલ તથા પીઝા અને મુમતાજ સહિતનાઓએ ઝઘડો કરી ટીકા પટ્ટુનો માર મારતા પ્રથમ સારવાર ગોંડલ બાદ વધુ સારવારમાં રાજકોટ ખસેડવામાં આવી હતી જ્યારે સાયલાના તળજા ગામે રહેતા મશરૂભાઈ સવજીભાઈ મકવાણા નામના રોડ ગઈકાલે બપોરે ૧:૦૦ વાગે પોતાની વાડીએ હતા ત્યારે બાજુની વાડીવાળા મનુ જેરામ તથા જેરામ રણછોડ તથા પુરીબેન સહિતના શખ્સોએ વાડીના હલન બાબતે બોલાચાલી કરી ઝઘડો કરી ધાર્યા વડે હુમલો કરી માર મારતા વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે બના અંગેની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે

# રેલનગરનો અન્ડરબ્રિજ ફરી એકવાર નવિનીકરણ બાદ ખુલ્લો મુકાયો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં વોર્ડ નં.૩ના રેલનગર બ્રિજમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો ઉકેલ લાવવા મહાપાલિકાએ તેનું રિપેરિંગ કામ શરૂ કર્યું હતું. અઢી મહિના પહેલા ટેકનિકલ વોટર પ્રૂફિંગ કામ શરૂ કરાયું હતું. આ કામને લઈ બ્રિજ લોકોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો હતો. જેને લઈને આ વિસ્તારમાં રહેતા હજારો વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. જોકે, આ અંડરબ્રિજનું નવીનીકરણ પૂર્ણ થતાં આજે નવા રંગરૂપ અને સુંદર ચિત્રકામ સાથે આ બ્રિજને ફરીથી ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. આ તકે પણ લોકોએ જણાવ્યું હતું કે, હવે ચોમાસામાં પાણી ન ભરાય તો સારું.

રેલનગર અંડરબ્રિજમાં આખું વર્ષ પાણી ભરાયેલું રહેતું હતું. ચોમાસામાં તો આ બ્રિજ બંધ રાખવાની ફરજ પડતી હોય સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. જેને લઈને મહાપાલિકાના ખર્ચે રેલવેએ બનાવેલા આ બ્રિજની ડિઝાઇન સામે પણ પહેલેથી સવાલ ઉઠતા હતા. જોકે, છબ્ઈ દ્વારા સમસ્યા ઉકેલવા માટે પ્રેસર ગ્રાઉટિંગનું કામ કરવાનો નિર્ણય થયો હતો અને ગત ૨૭ સપ્ટેમ્બરથી બ્રિજ આ કામ માટે બંધ કરી રૂ. ૫૪ લાખના ખર્ચે કામ શરૂ કરવામાં આવ્યું હતું અને અગાઉ તા.૨૭ નવેમ્બરે બ્રિજ ખુલ્લો મૂકવામાં આવનાર હતો. જોકે, કામ પૂર્ણ નહીં થયું હોવાથી આજે ૧૧ ડિસેમ્બરે આ બ્રિજ ખુલ્લો મુકાતા લોકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

# રાજેશ્રી સિનેમામાં એનિમલ ફિલ્મમાં યુવાનો વચ્ચે મારામારીઃ ત્રણ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રણબીર કપૂર અભિનીત ફિલ્મ 'એનિમલ'નો ગજબનો ક્રેઝ છે અને ફિલ્મને મોટા પડદે નિહાળવા માટે લોકો મોટી સંખ્યામાં સિનેમા હોલ સુધી જઈ રહ્યા છે ત્યારે રાજશ્રી સિનેમામાં 'એનિમલ' ફિલ્મ જોવા ગયેલા યુવાન સાથે ચાલુ ફિલ્મે જ મારામારી થતાં પોલીસ દોડી ગઈ હતી અને ત્રણ લોકો સામે ગુનો નોંધી પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

આ અંગે મુસ્તાક અબ્દુલભાઈ દલવાણીએ એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે રાજશ્રી સિનેમામાં ૧૦ વાગ્યાના શોમાં ફિલ્મ જોવા માટે ગયો હતો. તેણે અપર કેટેગરીની ટિકિટ ખરીદી હતી.

ફિલ્મ ચાલી રહી હતી ત્યારે જ આગળની લાઈનમાં અજાણ્યા લોકો ગાળો બોલતા હોય મુસ્તાકે ગાળો બોલવાની ના પાડતાં ત્રણ જેટલા શખ્સોએ મુસ્તાકને ગાળો ભાંડી ઢીકા પાટુનો માર મારતાં તેને હાથ-પગમાં ઈજાઓ પહોંચી હતી. આટલું ઓછું હોય તેમ ત્રણ પૈકીના એક શખ્સે લોખંડની મુઠ પહેરીને માથામાં મારી દેતાં મુસ્તાક લોહીલુહાણ થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં જ એ-ડિવિઝન પોલીસે દોડી જઈને મુસ્તાક દલવાણીની ફરિયાદના આધારે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને કેન્દ્ર સરકાર વચ્ચે યોજાઈ રિવ્યુ બેઠક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને કેન્દ્ર સરકાર વચ્ચે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી રિવ્યુ બેઠક યોજાઈ હતી. જેમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને મહત્વકાંક્ષી પ્રોજેકટ એઈમ્સની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે એઈમ્સની કામગીરી પૂર્ણ થઈ ચુકી છે અને તેને ટુંક સમયમાં વડાપ્રધાનના હસ્તે ખુલ્લુ મુકાશે તે માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે. આ સિવાય રેલ્વેના ડબલ લાઈન યોજના વિશે પણ કેન્દ્ર સરકારને માહિતગાર કરાઈ હતી.

## રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંકના સીઈઓ પુરષોત્તમભાઇ પિપરીયાનો આજે જન્મદિવસ



રાજકોટ તેમજ સમગ્ર ગુજરાતમાં બેંકીંગ ક્ષેત્ર મોટી નામના ધરાવતા રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંકના સી.ઇ.ઓ. તથા સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો ઓપ બેંક ફેડરેશન સીઇઓ છે. કાયદે આઝેમ તરીકે જાણીતા પુરષોત્તમભાઇ પિપરીયાને આજે તેમના જન્મદિવસ નિમિતે બેંકીંગ ક્ષેત્ર સાથે સંકાળેલા મહાનુભાવો, રાજ્યકિય અગ્રણીઓ, સગા સ્નેહીઓ બેંકના પરિવારજનો તરફથી ઘણી ઘણી શુભેચ્છાઓ મળી રહી છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# બાલાજી વેફરના ડિસ્ટ્રીબ્યુટર દ્વારા કરાયું નદીમાં ગેરકાયદે દબાણ...!

## વાગુદડ પાસેથી પસાર થતી નદી પર બાલાજી વેફરના ડિસ્ટ્રીબ્યુટર કટારિયા એજન્સી દ્વારા દબાણ કરીને વાહન પાર્કિંગ બનાવી નાંખ્યું !!!








(તસ્વીરઃ આનંદ જાવિયા)

## પાણીના વહેણને રોકીને કરાયેલા આ જગજાહેર દબાણ અંગે ગ્રામ્યજનોની ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી ન કરીને તંત્રવાહકોએ લાજનો ઘુમટો તાણ્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં છેલ્લા થોડા દાયકાથી જમીન-મિલ્કતની કિંમતમાં ભારે ઉછાળો આવ્યો છે. અસહ્ય ભાવ વધારાથી સરકારી જમીનોમાં દબાણ કરીને બાંધકામો ખડકી દેવાનું પ્રમાણ પણ વધ્યુ છે. આવા દબાણો સામે ભ્રષ્ટ અધિકારીના કર્મચારીઓ પોતાના ખિસ્સા ભરીને આંખ આડા કાન કરતા હોય છે. જેથી તંત્રને ખિસ્સામાં રાખતા ભુમાફીયાઓ બેફામ બન્યા છે. રાજકોટના કાલાવડ રોડ પર વાગુદળ ગામ પાસેની નદીનું વહેણ રોકીને આવું જ એક દબાણ દેશભરમાં પ્રખ્યાત બાલાજી વેફરના ડિસ્ટ્રબ્યુટર કટારિયા એજન્સી દ્વારા કરવામાં આવ્યું છે.

વાગુદળ ગામ પાસેથી પસાર થતી નદીના એક બાજુ બાલાજી વેફરની ફેકટરી આવેલી છે. આ ફેકટરીની નજીકમાં નદી કાંઠે કટારિયા એજન્સીનું ગોડાઉન આવેલું છે. આ ગોડાઉનમાં આવતા ટ્રક કન્ટેનરોના પાર્કિંગ માટે નદીની જમીનમાં દબાણ કરીને પાર્કિંગ બનાવી નાંખવામાં આવ્યું છે. કટારિયા એજન્સીના સંચાલકોએ પાર્કિંગ માટે પાકુ બાંધકામ કરીને દબાણ કરેલું હોવાની ગ્રામ્યજનોમાં રાવ ઉઠવા પામી છે.

ચોમાસામાં નદીમાં પુર આવે ત્યારે આ દબાણના સ્થાન પર પાણી ફરી વળતા હોય છે. વાગુદળ ગામે આવેલા પુલ પરથી આ ગેરકાયદે બાંધકામ ખુલ્લેઆમ દેખાતુ હોવા છતાં જવાબદાર અધિકારી-કર્મચારીઓ દ્વારા યેનકેન પ્રકારે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાનો ગ્રામ્યજનોએ આક્ષેપ કર્યો છે. નાના દબાણો તોડી પાડતું તંત્ર લાંબા સમયથી નદીનું વહેણ રોકીને સરકારી જમીન પર દબાણ ઉભુ કરનારા કટારિયા એજન્સીના સંચાલકો સામે કેમ કોઈ કાર્યવાહી નથી કરતું તેઓ પ્રશ્નાર્થ પણ ઉભો થવા પામ્યો છે.

આધારભૂત સૂત્રોમાંથી મળેલી માહિતી મુજબ કટારિયા એજન્સીના સંચાલકોએ મહેસુલ વિભાગના તમામ કક્ષાના અધિકારી-કર્મચારીઓના ખિસ્સા બે નંબરી રકમથી ભરી દીધા છે. જેથી, આ ગેરકાયદે બાંધકામ સામે લાંબા સમયનથી ફરિયાદ છતાં હજુ સુધી તંત્ર વાહકોએ તોડી પાડવા તો ઠીક પણ નોટીસ આપવાની કાર્યવાહી પણ ન કરી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કટારીયા એજન્સીના આ કરતુતોના કારણે પ્રખ્યાત બાલાજી વેફરનો શાખ પર પણ છાંટા ઉડી રહ્યા જેવો ઘાટ ઘડાઈ રહ્યો છે.

## જૂનાગઢમાં મંત્રીના બોગસ પીએએ મહિલા પાસેથી રૂા.૧૮.૫૦ લાખ ખંખેર્યા

### કોરોનાકાળ દરમ્યાન મહિલાના પતિનું અવસાન થતાં ૨૫ લાખની સહાયની લાલચ આપી'તી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાંથી પકડાયેલ રાજ્ય પશુપાલન મંત્રીના બોગસ અંગત મદદનીશનું વધુ એક કારસ્તાન સામે આવ્યું છે, કોરોનાકાળમાં માણાવદરની એક વિધવા મહિલાને મંત્રીનું વીઝીટીંગ કાર્ડ બતાવીને પતિના મૃત્યુ અંગે ૨૫ લાખની સહાય અને પુત્રને સરકારી નોકરીની લાલચ આપી ૧૮.૫૦ લાખ પડાવ્યા હોવાની ફરિયાદ પોલીસ દફ્તરે નોધાઇ છે.



આજે માણાવદર પોલીસ સ્ટેશનમાં રેખાબેન ભીખુભાઈ મેર ઉ.૪૯ (રહે.ગાયત્રી મંદિર પાછળ, નીલકમલ સોસાયટી, માણાવદર) એ રાજેશ જાદવ સામે ફરિયાદ નોધાવી છે. જેમાં જણાવ્યું છેકે, તેમના પતિ સરકારી હાઈસ્કુલમાં નોકરી કરતા હતા અને કોરોના સમયમાં તેમનું કોરોનાના કારણે મૃત્યુ થયું હતું તે સમયે બેસણામાં આરોપી રાજેશ જાદવ આવ્યો હતો, અને પોતે મંત્રીનો અંગત મદદનીશ હોવાની ઓળખ આપીને તેમને પતિના મોત બાદ તેમના મળવાપાત્ર સરકારની ૨૫ લાખની સહાય અને પુત્ર મિહિર ઉ.૧૬ ને સરકારી નોકરી અપાવી દેશે તેવો વિશ્વાસ આપ્યો હતો. પતિના મૃત્યુના તમામ કાગળો લઈ ગયો અને ૫૦ હજાર રોકડા સાથે લઈ ગયો હતો. અને ૭ મહિનામાં ૧૮.૫૦ લાખ રૂપિયા કટકે કટકે બેંકના ખાતામાં અને રોકડેથી લઈ ગયો હતો. પરંતુ કોઈ સહાય ના મળી કે, પુત્રને નોકરી ના મળી અને તેનો ફોન પણ લાગતો ન હતો.હાલ તો આ અંગે માણાવદર પોલીસ સ્ટેશનમાં મંત્રીના બોગસ પી.એ. સામે ગુન્હો દાખલ કર્યો છે.

## કાલાવડ રોડ જાહેરમાં મારામારી કરનાર મહિલા સહિત પાંચની ધરપકડ

### મુસ્લિમ પરિણીતાએ હિન્દુ યુવક સાથે બીજા લગ્ન કરતા પૂર્વ પતિ અને સાગ્રીતોએ ધમાલ મચાવી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ ઉપર મહિલા સહિત પાંચ લોકો જાહેરમાં બઘડાટી બોલાવી રહ્યા હોવાનો વીડિયો વાયરલ થતાં જ પોલીસે એક્શનમાં આવી જઈને પાંચેયની ધરપકડ કરી આગવી ઢબે સરભરા કરી હતી. માલવિયાનગર પોલીસે શબ્બીર કાળાભાઈ સર્વદી, આશીફ અવનરભાઈ શાહમદાર, કિશન વિનુભાઈ ટીડાણી, રાજ મહેન્દ્રભાઈ બાંભણીયા, કાદર અનવરભાઈ પઠાણ અને મુસ્કાન કરીમભાઈ શાહમદારની ધરપકડ કરી હતી. પૂછપરછમાં એવો ખુલાસો થયો છે કે અગાઉ મુસ્કાનના લગ્ન શબ્બીર સાથે થયા બાદ બન્ને વચ્ચે છૂટાછેડા થઈ ગયા હતા. આ પછી મુસ્કાને બીજો યુવક કે જે હિન્દુ હોય તેની સાથે લગ્ન કરી લેતાં શબ્બીરને તે ગમ્યું ન્હોતું અને બધા કાલાવડ રોડ ઉપર ભેગા થઈ જતાં મારામારી શરૂ થઈ ગઈ હતી. પોલીસે મુસ્કાન સહિત પાંચેયને પકડી પાડી કાયદાનું બરાબરનું ભાન કરાવ્યું હતું.

## સ્નેપ ચેટ ના ફોટા વાયરલ કરવાની ધમકી આપી ₹૨૫,૦૦૦ મહિલા પાસેથી પડાવી લેનાર અમદાવાદના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ભક્તિનગર વિસ્તારમાં રહેતી એક મહિલાને સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર સ્નેપજેટ નો ઉપયોગ કરતી વેળાએ એક સક્સે ડોક્ટર તરીકેની ખોટી ઓળખ આપી તેની સાથે વાંધાજનક ચેટ કરી આ ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી ₹૨૫,૦૦૦ પડાવી લીધા ને ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુર ધ્વજ સિંહ સરવૈયા ની સુચનાથી એસ.આઈ નિલેશભાઈ મકવાણા સહિતના સ્ટાપે



ટેકનિકલ સોસીસ થી અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલ વીર સાવરકર હાઈટ્સ માં રહેતો અને મહિલાને ડોક્ટર તરીકેની ખોટી ઓળખ આપી અને ચેટમાં મિત્રતા કેળવી વાંધાજનક પોસ્ટ ના ફોટા પાડી ₹૨૫,૦૦૦ પડાવી લેનાર કિશન ઉર્ફે મિલન ઉર્ફે ડોક્ટર મિલન પટેલ અશ્વિનકુમાર પટેલ નામના સક્સને દબોચી લઈ ધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સામાકાંઠા વિસ્તારની મહિલાની ફોન પર પજવણી કરતા શખ્સ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સામા કાંઠા વિસ્તારમાં રહેતી મહિલાને અજાણ્યા અલગ અલગ નંબર પરથી ફોન કરી શખસ પજણી કરતો હોય જે અંગે ફરિયાદ નોંધાવતા થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

મહિલાએ ફરિયાદમા જણાવ્યુ હતુ કે તેના બે વર્ષ પહેલા લગ્ન થયા હતા એક માસ પહેલા રાત્રિના બાર વાગે અજાણ્યા શખસે ફોન કર્યો હતો અને તેને તુ તારા ઘરે એકલી છો તો મારે તારી સાથે વાત કરવી છે તમે કહેતા મહિલાએ હું તમને ઓળખતી નથી તેમ વાત કરતા તેને તુ મને બહુ ગામે છે અને તુ મારી સાથે વાત કર હું તને સારી રીતે ઓળખુ છુ તેમજ હુ તને ખુબ પ્રેમ કરુ છુ તેમ કહી જમેફાવે તેમ બોલતો હોય ફોન કાપી તેના પરિવારજનોને વાત કરી હતી. જેથી થોડા દિવસ બાદ ફરી રાત્રિના ફોન આવતા તેના પતિએ ફોન ઉપાડેલ હોય તેને કાપી નાખી હેરાન કરતો હોવાનું જણાવતા થોરાળા પોલીસે અજાણ્યા શખસ સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

## માંગરોળ પાસે ગોડાઉનમાં ૩૦૮ પેટી વિદેશી દારૂ ઝડપાયો

### જૂનાગઢ, માંગરોળ, પોરબંદર, તાલાલાના ૧૩ ઈસમો સામે ગુનો નોંધી પોલીસે ૮,૨૯૨ દારૂની બોટલ, મોબાઈલ, વાહનો મળી ૨૯.૩૮ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

માંગરોળ નજીક માનખેત્રા ગામ પાસે એક ગોડાઉનમાં દારૂના કટિંગ સમયે જ જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાંચ ખાબકી હતી, અને સ્થળ પરથી ત્રણ શખ્સોને ઝડપી લઈને ૧૩.૭૦ લાખની કીમતના ૩૦૮ પેટી વિદેશી દારુના જથ્થા સહિતના ૨૯.૩૮ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે, આ કેસમાં પોલીસે કુલ ૧૩ ઈસમો સામે ગુન્હો દાખલ કર્યો છે.



જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. જે. જે.પટેલ સહિતના સ્ટાફે બાતમીના આધારે કેશોદ- માંગરોળ રોડ ઉપર આવેલ માનખેત્રા ગામે પિયુષ હરી ખેરએ ભાડેથી રાખેલા ગોડાઉનમાં રેડ કરી હતી, પોલીસે રેડ કરતા હાજર ઈસમો નાસભાગ કરવા લાગ્યા હતા, ત્યારે પોલીસે સ્થળ પરથી એકઆઈસર વાહનમાંથી બોલેરો વાહનમાં કટિંગ કરવામાં આવી રહેલ દારૂનો કુલ ૩૦૮ પેટી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે સ્થળ પરથી ૧૩.૭૦ લાખની કીમતનો વિદેશી દારૂની ૮૨૯૨ બોટલ, ૧૬ નંગ બીયરના ટીન, ૪ મોબાઈલ અને બે વાહનો મળીને ૨૯.૩૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે, પોલીસે જણાવ્યું કે, આ દારુનો જથ્થો સાથે રવિ હમીર ભારાઈ ઉ.૨૮ (ગાંધીગ્રામ, જૂનાગઢ), પિયુષ હરી ખેર ઉ.૩૨ (માનખેત્રા), અને હિતેશ દિનેશ મેરુડા ઉ.૨૪ (લીરબાઇ પરા, જૂનાગઢ) ને ઝડપી લીધા છે. જયારે આ કેસમાં અન્ય દેવરાજ કમા રાડા (જુનાગઢ), દેસુર જેસા કરમટા (જુનાગઢ), મેરા પરબત શામળા (જુનાગઢ), રાજુ ખેતા કરમટા (રૂદલપુર), મના કાના કટારા (પોરબંદર) અને રામા નારણ ચોપડા (તાલાલા) નાસી જતા તે તમામ સામે માંગરોળ પોલીસમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે, આરોપીમાં રવિ ભારાઈ સામે જૂનાગઢ, કેશોદ, માણાવદર, ગીર ગઢડા, જામકંડોરણા, ગોંડલ, માળિયા, માંગરોળ, ચોરવાડ, પ્રભાસ પાટણ પોલીસમાં પ્રોહીબીશનના ગુન્હા નોધાયેલા છે. જયારે હિતેશ મેરુડા સામે કેશોદ, જુનાગઢ, નવા બંદર મરીન નવસારી પોલીસમાં ગુન્હા નોધાયેલા છે.

## ગોકુલ હોસ્પિટલના યુવા ડોકટરનું હાર્ટ એટેકથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ગોકુલ હોસ્પિટલના યુવા ડોકટર અવિનાશ વૈષ્ણવનું હાર્ટ એટેકથી મોત થયું છે. નાની વયે હૃદય રોગના હુમલાથી મોત થતા હોસ્પિટલ સ્ટાફ અને પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને શોકની કાલીમા છવાઈ હતી.

આ અંગે મળતી વિગત મુજબ, રાજકોટના મોરબી રોડ પર ડી.કે. સ્કૂલ પાછળ, સેટેલાઇટ ચોકમાં આવેલ ધારા એવન્યુમાં રહેતા ડો.અવિનાશ ગોરધનભાઈ વૈષ્ણવ(ઉ.વ.૨૨) શહેરની ગોકુલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ શાપર ખાતે આરોગ્ય કેન્દ્રમાં ઇન્ટરનશીપ પણ કરતા હતા.

ગોકુલ હોસ્પિટલમાં મુખ્યત્વે નાઈટ ડ્યુટી રહેતી હોવાથી શનિવારે રાત્રે નાઈટ ડ્યુટી કરી ગત રોજ સવારે ૯ વાગ્યે ઘરે આવ્યા હતા. ઘરે આવી હવે બપોરે મને ન ઉથડતા તેમ કહી તે સુઈ ગયા હતા. સાંજે ૭ વાગ્યે તેમને પિતા ગોરધનભાઇ ઉઠાડવા જતા ઉઠતા ન હોવાથી બેભાન થઈ ગયાનો ખ્યાલ આવતા પરિવારજનો દ્વારા તુરંત તેઓને ગોકુલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અત્રે ફરક પરના ડોક્ટરે તત્કાલ સારવાર કરી અવિનાશનું હૃદય ફરી ધબકતું કરવા મથામણ કરી હતી પણ તેમણે દમ તોડી દીધો હોય, મૃત જાહેર કરાતા હોસ્પિટલ સ્ટાફ સ્તબ્ધ થઈ ગયો હતો જ્યારે પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

## નવાગામના ગુમ થયેલા યુવાનની લાશ મળીઃ હત્યા થયાનો પરિવારનો આક્ષેપ

### લાશ સ્વીકારવાની ના પાડતા પરિવારને સમજાવી પોલીસે મામલો થાળે પાડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નવાગામમાં રંગીલા સોસાયટીમા રહેતા અને તા.૬ ના રોજ ઘેર થી નિકળ્યા બાદ લાપતા થયેલા યુવકનો માલીયાસણ પાસેના રીંગ રોડ પરથી મૃતદેહ મળી આવતા પરીવારે હત્યાનો આક્ષેપ સાથે લાશ સ્વીકારવાનો ઈનકાર કરતા પોલીસે સમજાવી મામલો થાળે પાડતા પરીવારે લાશ સ્વીકાર હતી.

આ અંગેની માહિતી મુજબ માલીયાસણ પાસેના રીંગ રોડ પર ખાડામાંથી યુવકનો મૃતદેહ મળી આવતા પીએસઆઈ પરમાર સહીતે તપાસ કરતા મૃતક યુવાન નવાગામે રહેતો ઘનશ્યામ છગનભાઈ મેર (ઉ.૩૨) હોવાનુ અને તે પાનની દુકાન ચલાવતો હોવાનુ અને બે ભાઈમાં માટો અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ અને તેના પિતા મંડપ સર્વીસનુ કામ કરતા હોવાનુ તેમજ યુવક બે દિવસ ઘેરથી રાત્રીના નિકળ્યા બાદ લાપતા થતા તેના પરીવારે તેની શોધખોળ કરી જાણ કરી હતી. દરમ્યાન પોલીસે યુવકના મૃતદેહનુ ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવતા યુવકે ઝેરી દવા પીધી હોવાનુ બહાર આવતા પોલીસે બેદરકારી દાખવી હોવાના અને યુવકની હત્યા થયાના આક્ષેપ સાથે લાસ સ્વીકારવાનો ઈનકાર સાથે ન્યાયની માંગ કરી હતી તેમજ મુતક અને તેના પિતા સમાજ સેવક હોય કોઈની સાથે કોઈ દુશ્મનાવટ ન હોવા છતા બનાવ બન્યો હોવાનુ અને આંદોલન કરવાની ચીમકી આપી હતી તેમજ પોલીસે લાપતા પુત્રને શોધવામાં ઝડપી કાર્યવાહી કરી હોત તો આ બનાવ ન બન્યો હોવાનુ તેની પાસે બે ફોન હતા જેમાંથી એક ફોન અને સીમ કાર્ડ ગુમ હોવાનુ પરીવારે જણાવતા પોલીસે તપાસનુ કહી સમજાવતા મામલો થાળે પડયો હતો.

## ૮૦ ફુટ રોડ પર ક્રિષ્ના રેસ્ટોરેન્ટમાં પાર્સલ લેવા ગયેલી મહિલા પર સંચાલકનો હુમલો

### સામા પક્ષે પાર્સલ લેવા આવેલી મહિલાએ ગાળો ભાંડી ધમકી આપ્યાની સામસામે નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ૮૦ ફુટ રોડ પર સોરઠીયા વાડી સર્કલ પાસે આવેલ ક્રિષ્ના રેસ્ટોરેન્ટમાં જમવાનું પાર્સલ લેવા ગયેલી મહિલાને માર માર્યો હોવાનું અને સામા પક્ષે સંચાલકોને મહિલાએ ધમકી આપી હોવાની સામસામે ફરિયાદ ભકિતનગર પોલીસમાં નોંધાય છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગાયત્રીનગર મેઈન રોડ પર રીક્ષા સ્ટેન્ડ પાસે રહેતી તૃપ્તિબેન હસમુખભાઈ દેવમુરારી નામની મહિલાએ ભકિતનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે સાંજે પોતે ૮૦ ફૂટ રોડ પર ક્રિષ્ના રેસ્ટોરન્ટ પર જમવાનું પાર્સલ લેવા ગઈ હતી ત્યારે પૈસા ચૂકવવા બાબતે બોલાચાલી થતા ક્રિષ્ના રેસ્ટોરેન્ટના સંચાલક કુલદીપ આહીર નીરવ આહીર અને તેનો કર્મચારી ટકો સહિતના શખ્સોએ મહિલાને માર મારી ગાળો ભાંડી ધમકી આપી હતી જ્યારે સામા પક્ષે કોઠારીયા રોડ પર કોઠારીયા કોલોની ના ક્વોટરમાં રહેતી અને ૮૦ ફુટ રોડ પર ક્રિષ્ના રેસ્ટોરન્ટ ચલાવતી નિમિષાબેન કુલદીપભાઈ રાઠોડ નામની આહીર મહિલાએ વળતી ફરિયાદ નોંધાવી છે કે તૃપ્તિ દેવમુરારી નામની મહિલા રેસ્ટોરન્ટ પર જમવા માટેનું પાર્સલ લેવા આવી ત્યારે તેના પતિ કુલદીપ જેઠ નીરવ અને કર્મચારી ટકા સાથે ઝઘડો કરી જોશ જોષી બૂમો પાડી ગ્રાહકોની સુરક્ષા જોખમાય તે રીતે ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા ભકિતનગર પોલીસના એએસઆઈ યાસ્મીન બેન એ બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધણી તપાસ હાથ ધરી છે.